વડીલોને વંદન અભિનંદન

વિજયકુમાર વિ. પ્રજાપતિ
(૧૯૪૦)ફોન: ૨૩૨૨૫૬૫૫

ચંપકલાલ સી. શાહ
(૧૯૩૬)ફોન: ૨૩૨૨૯૬૯૮

ભગવાનભાઈ ટી. પટેલ
(૧૯૪૧)ફોન: ૨૩૨૨૫૦૦૩

ચૌધરી કોલેજની વિદ્યાર્થિનીઓએ યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટની મુલાકાત લીધી

સેક્ટર-૭પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ હોમ સાયન્સ વિભાગની વિદ્યાર્થિનીઓએ હેલ્થકેર ટ્રેનીંગ અંતર્ગત અમદાવાદની યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટરની મુલાકાત લીધી હતી. મુલાકાતમાં વિદ્યાર્થિનીઓએ હૃદયરોગ, હાઈપર ટેન્સન, ડાયાબીટીસ રોગ વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. તેમજ હોસ્પિટલના દર્દીઓનું જાત નિરીક્ષણ કરી ખબર અંતર પુછ્યા હતા. વિદ્યાર્થિનીઓએ હોસ્પિટલના કાર્ડિયાક અને પિડિયાટ્રીક વિભાગની મુલાકાત લઈ રોગ વિશે માહિતી મેળવી હતી.

એચ.પી. પેટ્રોલપંપના કર્મચારીઓને ડીઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ અપાઈ

ગાંધીનગરના એચ.પી. પેટ્રોલપંપ પથિકાશ્રમ ખાતે 'સેફ્ટી વીક' અંતર્ગત આપત્તિ વ્યવસ્થાપન અંગે ગાંધીનગર જિલ્લાના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તેમજ ફાયર બ્રિગેડના સહયોગથી આગ સામે સલામતીના પગલા અંગે તેમજ ફાયરના સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજણ પુરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં એચ.પી. પેટ્રોલપંપના સ્ટાફ કર્મચારીઓ તથા ફાયર કર્મચારીઓ અને ડીપાર્ટમેન્ટ ઓફ શોશ્યલવર્ક વિદ્યાનગરની વિદ્યાર્થિનીએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શબ્દાવલી - ૫૩૩૯

૧	૨	■	■	૩	■	૪	૫
૬		■	■	૭	૮		
■	૯	૧૦	૧૧	■		■	
■	૧૨			■	૧૩	૧૪	■
૧૫	■		■	૧૬			૧૭
૧૮	૧૯		૨૦	■		૨૧	
૨૨		■	૨૩	૨૪	■		■
૨૫			■	૨૬			

આડી ચાવી

૧. પાળે બેસી પાણીમાં પગથી રમત કરે તે (૫)
૪. વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ, ... દેવ (૨)
૬. એર તેલીબીયા (૨)
૭. કર, લાગો (૪)
૯. રસ્સોઈની વિવિધતા, રસ્સોઇ(૩)
૧૨. કામધંદ્ય વગરનો, બેકાર(૩)
૧૩. નાડી, રગ (૨)
૧૬. ધર્મ.... કરવો, સ્વીકાર(૪)
૧૮. લોરી, બાળકને સુવરાવવા ગવાતું ગીત (૪)
૨૧. લંકાપતિ રાવણનો વધ કરનાર (૨)
૨૨. નશીબ (૨)
૨૩. ગાઢ, અત્યંત (૨)
૨૫. પ્યાલી, નળી (૩)
૨૬. સુકુમારતા, નાજુકાઇ (૪)

ઊભી ચાવી

૧. ઘાબુ, મકાનનો સૌથી ઉપરનો ભાગ (૨)
૨. બળવાળુ, શક્તિશાળી(૪)
૩. સ્મરણ (૨)
૪. પત્ની, ભાર્યા (૨)
૫. એકદમ યોગ્ય (૩)
૮. મોકલવી તે (૪)
૧૦. જૈનોને રટવાનો મંત્ર (૪)
૧૧. ગીરવી (૨)
૧૪. હકારાત્મક, પોઝીટીવ (૫)
૧૫. પ્રેમ, સ્નેહ (૪)
૧૭. દારૂની એક જાત (૨)
૧૯. પેરાલીસીસ, પક્ષાઘાત(૩)
૨૦. ડુંગો, ચણતર ઉપર સિમેન્ટનું ચડાવાતું પડ (૨)
૨૪. ક્રિકેટમાં સામસામી દોડી ગણાતો રમતનો આંક (૨)

શબ્દાવલી ૫૩૩૮ના જવાબ

આડી ચાવી :- (૧) આસમાન (૪) પાદુકા (૬) રદ (૭) પામોલીન (૮) લવણ (૧૧) પાનદાની (૧૩) સાપ (૧૫) ઘાયલ (૧૬) દશા (૧૭) તમા (૧૮) કનીજ (૨૦) કીલકારી (૨૧) ખલતો

ઊભી ચાવી :- (૧) આરપાર (૨) સદમો (૩) નયન (૪) પાગલ (૫) કારણ (૯) વરસાદ (૧૦) જાનીમાની (૧૧) પાયમાલ (૧૨) નલ (૧૪) પશાયતો (૧૫) ઘાતકી (૧૮) કરી (૧૯) જખ

આજથી અઘરા વિષયોની શરૂઆત : ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્રનું પેપર લેવાશે

ધોરણ-૧૦માં આજે વિજ્ઞાન અને ટેક્નોલોજી, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રસાયણ વિજ્ઞાનનું પેપર લેવાશે

અમદાવાદ, તા.૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા લેવાઈ રહી છે. જેમાં આવતીકાલે ધોરણ-૧૦માં વિજ્ઞાન અને ટેકનોલોજીનું પેપર લેવામાં આવશે. જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રસાયણ વિજ્ઞાન અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્રનું પેપર લેવામાં આવશે.

બોર્ડની પરીક્ષાનાં પ્રારંભે ગુજરાતી જેવા સરળ વિષયની પરીક્ષા આપ્યા બાદ ધોરણ-૧૦માં આવતીકાલથી અઘરા વિષયોની શરૂઆત થશે. આવતીકાલે ધોરણ-૧૦માં વિજ્ઞાન અને ટેકનોલોજીનું પેપર લેવામાં આવશે. વિજ્ઞાન અને ટેકનોલોજીનું પેપર પ્રમાણમાં અઘરૂ મનાતું હોવાથી શુક્રવારે મળેલ એક દિવસની રજાનો ફાયદો ઉઠાવી વિદ્યાર્થીઓ અભ્યાસક્રમનું રિવિઝન કરી લીધું છે. આ પેપર સવારે ૧૦:૦૦ થી ૧:૩૦ કલાક દરમ્યાન લેવાશે જ્યારે બીજી બાજુ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ એક દિવસની રજા બાદ આવતીકાલે રસાયણ વિજ્ઞાનનું પેપર લેવામાં આવશે. આ પરીક્ષામાં બપોરે ૩:૦૦ થી ૬:૩૦ કલાક દરમ્યાન લેવાશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આવતીકાલે સવારે ૧૦:૩૦ થી ૧:૪૫ કલાક દરમ્યાન કૃષિ વિદ્યા, ગૃહજીવન વિદ્યા, વસ્ત્ર વિદ્યા, પશુપાલન અને ડેરી વિજ્ઞાન અને વન વિદ્યાનું પેપર લેવામાં આવશે જ્યારે બપોરે ૩:૦૦ થી ૬:૧૫ કલાક દરમ્યાન આંકડાશાસ્ત્રનું પેપર લેવામાં આવશે.

સે. ૪ સાથે અધિકારીઓ, પદાધિકારીઓ ઓરમાયું વર્તન રાખે છે : તેજાભાઈ દેસાઈ

ગાંધીનગર, તા. ૧૪

શહેરના છેવાડે આવેલા સેક્ટર-૪ને તંત્ર દ્વારા ઓરમાયું વર્તન કરવામાં આવે છે. તંત્ર સેક્ટરના પ્રાણ પ્રશ્નોને વાચા આપવામાં નિષ્ફળ નિવડ્યું છે. સેક્ટરના આંતરિક માર્ગો, પોસ્ટ ઓફિસ, પોલીસ ચોકીની પાયાની સુવિધાઓ આપવા માટે વામણું પુરવાર થઈ રહ્યું છે તેમ વસાહત મંડળના પ્રમુખ તેજાભાઈ દેસાઈએ જણાવી ઉગ્ર રોષ ઠાલવ્યો છે.

પાટનગરની રચનામાં ૧ થી ૩૦ સેક્ટરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. દરેક સેક્ટરમાં તંત્ર દ્વારા સુવિધાઓ પણ આપવામાં આવે છે ત્યારે સેક્ટર-૪ વસાહત મંડળ દ્વારા તંત્ર દ્વારા જરૂરી સુવિધાઓ આપવામાં નિષ્ફળ નિવડ્યું છે. વસાહત મંડળ દ્વારા અનેક વખત રજુઆતો કરવા છતાં અહિના રહીશોની માગણીઓ સંતોષકારક આવતી નથી.

સેક્ટર-૪માં અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે. જેમાં આંતરિક રોડને રીશરફેસ કરવામાં આવે, રહિશો માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ફાળવવામાં આવે જેથી સિવિલ હોસ્પિટલ સુધી બિમારીમાં આવવું ન પડે. સેક્ટરમાં પોસ્ટ ઓફિસ ફાળવવામાં આવે. દરેક સેક્ટરમાં પોસ્ટ ઓફિસ છે ત્યારે સેક્ટર-૪માં કેમ નહિ?

છેવાડાનું સેક્ટર હોવાથી અહિયા પોલીસ ચોકીની કાયમી વ્યવસ્થા કરવામાં આવે. શહેરમાં ધોળા દિવસે ચોરીના કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે સેક્ટર-૪ના રહિશોને રામભરોસે જીવવું પડે છે. જો પોલીસચોકી ફાળવવામાં આવે તો છેડતી લૂંટ, ચોરી જેવા બનાવો બનતા અટકાવી શકાય. વસાહતીઓને નિયમિત આવ-જા કરવા માટે વીટકોસ બસને રૂટ ફાળવવામાં આવે. વીટકોસ બસની શહેરના તમામ સેક્ટરોમાં સર્વિસ આપવામાં આવે છે. તો સેક્ટર-૪ને કેમ નહિ?

વન વિભાગ દ્વારા સેક્ટરમાં આડેધડ ફેન્સીંગ કરવામાં આવ્યું છે. જેનાથી ૧૦૦મી.ની જગ્યાએ વાહનચાલકો અને પગદંડી ચાલતા જવા માટે મુશ્કેલીઓ વધી જવા પામી છે. ત્યારે જો સેક્ટર-૪ની માંગણીઓ સંતોષવામાં નહિ આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. જેમ પ્રમુખ તેજાભાઈ દેસાઈએ જણાવ્યું છે.

ગાયત્રી મંદિરમાં ૩૧મી માર્ચથી મૌન સાધના શિબિર

ગાંધીનગર, તા. ૧૪

પ્રવર્તમાન અસાધારણ પ્રદૂષિત વાતાવરણના પરિષ્કાર અર્થે આધ્યાત્મિક ઊર્જા ઉત્પન્ન કરવા માટે ગાયત્રી શક્તિપીઠ સેક્ટર-૧ ખાતે તા.૩૧મી માર્ચથી તા. ૪ એપ્રિલ સુધી પાંચ દિવસની વિશિષ્ટ મૌન સાધના શિબિરનું આયોજન કરેલ છે. આ શિબિરમાં ભાગ લેનાર સાધકોએ ગાયત્રી શક્તિપીઠમાં રોકાણ કરવાનું રહેશે. ભાગ લેનારે તા. ૨૫મી માર્ચ સુધીમાં પોતાના નામ ગાયત્રી મંદિરના સ્ટોર કાઉન્ટર પર નોંધાવવા જણાવેલ છે. મર્યાદિત સાધક લેવાના હોઈ તાત્કાલીક નામ નોંધાવવા જણાવેલ છે.

દત્તબાવની પાઠનું આયોજન

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા પરિવારના સ્વ. અંબુભાઈ પારેખ (અંબુકાકા)ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે દત્તબાવની પાઠ તા. ૧૭ માર્ચ, સોમવાર, બપોરે ૨ થી ૭.૩૦ કલાકે વર્ષાબેન પારેખના નિવાસસ્થાન પ્લોટ નં. ૭૨૪/૨, સેક્ટર-૨૧ મહારાષ્ટ્રભવન સામે યોજવામાં આવશે. શહેરના ભાવિક ભક્તોએ લાભ લેવા આચાર્ય નવનીતભાઈ પાઠકે જણાવ્યું છે.

સે-૩૦ ઝુલેલાલ મંદિરે હોળી પ્રગટાવાશે

નગરમાં હોળી નિમિત્તે અનેક જગ્યાએ હોલીકા દહન કરવામાં આવે છે ત્યારે સેક્ટર-૩૦માં આવેલ શ્રી ઝુલેલા સાંઈબાબા મંદિર ખાતે તા. ૧૬ માર્ચ રવિવાર, સાંજે ૭-૦૦ કલાકે વિધિવત હોળી પ્રગટાવવામાં આવશે. નગરના શ્રધ્ધાળુઓને દર્શનનો લાભ લેવા સિંધી પંચાયત ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

રાજ્યની ૧૫ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા કોંગ્રેસ માટે શીરદર્દ

ગાંધીનગર, તા. ૧૪

પાટણ સહિત ગુજરાતની ૧૫ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી કોંગ્રેસ માટે માથાનો દુઃખાવો બની રહી છે. પાટણ બેઠક માટે વર્તમાન સાંસદ ફરી ટીકીટ મેળવવા માટે બાંયો ચઢાવી છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ દેશની કેટલીક બેઠકો પર આંતરીક ચૂંટણી દ્વારા ઉમેદવારો નક્કી કરવાની યોજના અમલમાં મુકી છે. જે અંતર્ગત ગુજરાતની બરોડા બેઠક માટે ઉમેદવાર પસંદગી માટે યોજાયેલી આંતરીક ચૂંટણીમાં સ્થાનિક કોંગી આગેવાન જયેશ પટેલને મતદાન માટે પ્રવેશ ન આપતા જયેશ પટેલે રાજીનામુ આપીને કોંગ્રેસને અલવિદા કરી દીધી હતી. જો કે આ બેઠક પર નરેન્દ્ર રાવત વિજય થતા તેમને ઉમેદવાર તરીકે નક્કી કરવામાંઆવશે.

બીજી બાજુ પાટણ લોકસભા બેઠક પરથી ટીકીટ મેળવવા માટે વર્તમાન સાંસદ જગદીશ ઠાકોર અને પૂર્વ ધારાસભ્ય ભાવસિંહ રાઠોડ વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. આ બેઠક પર ટીકીટને લઈને કોંગ્રેસની પ્રદેશ નેતાગીરી માટે આ પ્રશ્ન શિરદર્દ બન્યો છે.

ખેડા બેઠક પરના વર્તમાન સાંસદ દિનશા પટેલે લોકસભા ચૂંટણી લડવાની અનીચ્છા દર્શાવી છે ત્યારે તેમના સ્થાને કોંગ્રેસને કોઈ સક્ષમ ઉમેદવાર મળતો નથી. આથી ના છુટકે કોંગ્રેસ આ બેઠક પરથી ધારાસભ્ય રામસિંહ પરમારને લોકસભા ચૂંટણીના મેદાનમાં ઉતારે તેવી શક્યતા છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેટલીક બેઠકો પર ટીકીટ માટેના દાવેદારોની સંખ્યા વધુ હોઈ આ બેઠકો પર ટીકીટ ફાળવણીને લઈને સ્થાનિક આગેવાનોમાં ભારે નારાજગી ઉઠવાનો ભય પ્રદેશ નેતાગીરીને સતાવી રહ્યો છે. તો કેટલીક બેઠકો પર કોંગ્રેસને સક્ષમ ઉમેદવારો મળી રહ્યા ન હોઈ પૂર્વ ધારાસભ્યો કે વર્તમાન ધારાસભ્યો પર પસંદગીનો કળશ ઢોળવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યું હોવાનું પક્ષ વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

કોંગ્રેસ દ્વારા અત્યાર સુધીમાં ગુજરાતની ૨૬ પૈકી ૧૧ બેઠકો માટેના ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા છે. જેમાં સાત વર્તમાન સાંસદોને ફરી રીપીટ કરવામાં આવ્યા છે અને બે પૂર્વ સાંસદોને આ વખતે ટીકીટ આપવામાં આવી છે.

બાકી ૧૫ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા કોંગ્રેસ માટે શીરદર્દ બની રહે તેવી શક્યતા છે. જેને કારણે હવે કોંગ્રેસની બીજી યાદી ધૂળેટીના તહેવારો બાદ જાહેર કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

લેંકાવાડા ગામે એક મકાનમાંથી વિદેશી દારૂનો જથ્થો પકડાયો

૯૬ બિયરના ટીન અને ૧૦૭ વિદેશી દારૂની બોટલ મળી ૨૭ હજારનો મુદ્દામાલ જપ્ત

ચિલોડા, તા. ૧૪

ગાંધીનગર તાલુકાના લેકાવાડા ગામેથી એક મકાનમાંથી ચિલોડા પોલીસે વિવિધ બ્રાન્ડનો પરમીટ વગર ગેરકાયદેસર રીતે પરપ્રાંતિય વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પકડી પાડ્યો હતો. જેમાં પોલીસ સ્ટેશનથી મળતી માહિતી મુજબ લેકાવાડા ગામના મનોજસિંહ ઉર્ફે રાજેન્દ્રસિંહ જુજારસિંહ વાઘેલા તથા ગોપીચંદ ગાયકવાડ બંને રહેવાસી લેકાવાડા બંને વોન્ટેડ બુટલેગરના એક મકાનમાં નાની-મોટી પરપ્રાંતિય વિદેશી દારૂ અને બિયર અનુક્રમે દારૂની બોટલ નં. ૧૦૭ તથા બિયર નંગ-૯૬ કુલ ૨૦૩ મુદ્દામાલ સહિત કુલ કિંમત ૨૬૯૦૦નો જથ્થો પકડી પાડ્યો હતો. આ અંગે ચિલોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ગુનો દાખલ કર્યો હતો.

સગાસંબંધીઓના હોબાળા બાદ ચારની ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૧૪

શહેરના કાલુપુર વિસ્તારમાં બે દિવસ પહેલા પ્રેમ પ્રકરણ મામલે થયેલ અજુ યાદવ નામના યુવકની હત્યાકેસમાં યુવકના પરિવારજનોએ આરોપીની ધરપકડની માંગણી સાથે મૃતદેહ લઈ માધુપુરા પોલીસ સ્ટેશન પહોંચી ગયા હતા. જ્યાં પોલીસે કોઈ પ્રતિભાવ ન આપતા યુવકના પરિવારે યુવતીના ઘર પર પથ્થરમારો કરી દીધો હતો. પરિસ્થિતિ ગંભીર બનવા એસઆરપી સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પર દોડી ગયો હતો. ઉપરાંત શહેર ક્રાઈમ બ્રાન્ચે ચાર આરોપીઓની ધરપકડ કરી છે. સમગ્ર ઘટનાની વિગત એવી છે કે શહેરના કાલુપુર તરૂણ ટેક્ષટાઈલ્સ મિલના કમ્પાઉન્ડમાં અજુ યાદવ નામના એક યુવકની તીક્ષણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી દેવામાં આવી હતી. પરંતુ બે દિવસથી પોલીસ કોઈ કાર્યવાહી કરતી ન હોવાથી મૃતકના પરિવારજનો યુવકની ડેડ બોડી લઈ માધુપુરા પોલીસ સ્ટેશન ગયા હતા જ્યાં પોલીસે કોઈ કાર્યવાહી ન કરતા મૃતક પરિવારજનોએ યુવતીના ઘર પર પથ્થરમારો કરી દીધો હતો.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા એકમાત્ર ચિલોડા સર્કલે લાઈટની સુવિધાના અભાવે ગંભીર પ્રકારના અકસ્માતોની બોલબાલા પ્રવર્તી રહી છે. ચિલોડા સર્કલે ચારેબાજુ સી.સી.ટીવી કેમેરાથી સજ્જ વિશાળ સર્કલ અનેક જાહેર માર્ગોથી જોડાટેલું મોખરાનું સ્થાન ધરાવે છે. નેશનલ હાઈવે-૮ પરનું સર્કલે રક્ષાશક્તિ યુનિવર્સિટી દ્વારા બગીચાથી નંદનવનથી શોભી રહ્યું છે. પરંતુ આ સર્કલ પર કોઈપણ પ્રકારની લાઈટની સુવિધાથી વંચિત રાત્રે અસંખ્ય વાહનો અને મુસાફરોની હેરાફેરીથી ધમધમતુ સર્કલે સાવ અંધારપટ છવાયેલો રહેતો. રાત્રે જોખમકારક ભાસ પ્રવર્તી રહ્યો છે. પરિણામે અનેકવાર મોંઘીદાટ કારો સર્કલ પર ચઢી જતાં ભારે નુકસાન અને જાનહાનિ થવાના બનાવો બન્યા છે. જ્યારે ગઈકાલે રાત્રે એક ઈન્ડીકા કાર ધડાકાભેર સર્કલે અથડાતા કારને ભારે નુકશાન થવા પામ્યું હતું.

હવાઈદળ વાઈવ્સ વેલફેર એસોસિએશનના સભ્યો રાજયપાલશ્રીની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૪

સાઉથ-વેટર્ન-એર કમાન્ડના હવાઈદળ વાઈવ્સ વેલફેર એસોસિએશનના સભ્યોએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

એસોસિએશનના પદાધિકારીઓએ એસોસિએશનની જરૂરતમંદ મહિલા અને બાળકોના શૈક્ષણિક અને સામાજિક કલ્યાણની વિવિધ કામગીરીનો ખ્યાલ આપ્યો હતો. રાજયપાલશ્રીએ એસોસિએશનની સેવા લક્ષી કામગીરીને બિરદાવી હતી.

રાજ્યનાં ૨૮૭ અધિકારીઓ આઈએએસ સિલેક્શન ગ્રેડની પરીક્ષા આપશે

પરીક્ષા ૩૦મી માર્ચે યોજાશે : તમામ વિભાગના વર્ગ-૧ અધિકારીઓ IASના સિલેક્શન ગ્રેડમાં જઈ શકશે, પરંતુ આ માટે ૯વર્ષનો અનુભવ જરૂરી

અમદાવાદ, તા.૧૪

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં આઈએએસના સિલેક્શન ગ્રેડમાં તમામ વિભાગના વર્ગ-૧ના અધિકારીઓ ક્વોલિફાઈ થઈ શકે છે. જેના અંતર્ગત આગામી તારીખ ૩૦મી માર્ચના રોજ સિલેક્શન ગ્રેડ માટે ગાંધીનગર ખાતે પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં રાજ્યના વર્ગ-૧ કક્ષાના ૨૮૭ અધિકારીઓ પરીક્ષા આપશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં આઈએએસમાં પ્રમોશનથી સિલેક્શન ગ્રેડનાં જવા માટેનો માર્ગ વધુ મોકળો બનાવ્યો છે જેના અંતર્ગત હવેથી રાજ્યના તમામ વિભાગના વર્ગ-૧ના અધિકારીઓ આઈએએસના સિલેક્શન ગ્રેડમાં જઈ શકશે. પરંતુ આ માટે અધિકારીને ઓછામાં ઓછો નવ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. અને તેની ઉમર ૫૪ વર્ષ કરતા નીચી હોવી જોઈએ. આ ગ્રેડમાં જવા ઈચ્છતા અધિકારીઓ પાસેથી રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા અરજી મંગાવવામાં આવી હતી. જેના અંતર્ગત રાજ્યભરમાંથી વિવિધ વિભાગોમાંથી ૨૮૭ ઉમેદવારોએ અરજી કરી છે. આ ૨૮૭ ઉમેદવારોની સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આગામી ૩૯મી માર્ચના રોજ ગાંધીનગર ખાતે પરીક્ષા લેવામાં આવસે. જેમાં ૧૦૦ માર્કના કોમ્પિટિટિવ પ્રશ્નો હશે. જ્યારે અન્ય ૧૦૦ માર્કસ જેતે ઉમેદવારના છેલ્લા પાંચ વર્ષના એસેસમેન્ટ ઓફ એન્યુઅલ કોન્ફિડેન્શિયલ રિપોર્ટમાં આપવામાં આવશે. ૧૦૦ માર્કસની કોમ્પિટિટિવ પરીક્ષામાં ગુજરાતનો ઈતિહાસ અને સંસ્કૃતિ, ભારતીય બંધારણ તેમજ જનરલ નોલેજને લગતા પ્રશ્નો પૂછાશે. આ પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારોની યાદી તૈયાર કારશે જેને યુપીએસસીને મોકલવામાં આવશે. યુપીએસસી આ ઉમેદવારોની પરીક્ષા લેશે. અને યુપીએસસીની પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારોને રાજ્ય સરકારના સામાન્ય વહીવટી વિભાગમાં નિમણુંક આપવામાં આવશે.

ચિલોડા વિસ્તારમાં બાઈક-ટ્રોલીનો કેતીકામમાં ધૂમ ઉપયોગ કરતા ખેડૂતો

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા, છાલા ગામમાં ખેડૂતો હવે ખેતીકામના ઓજારોમાં ટ્રેક્ટર-ટ્રોલી તથા બળદગાડાના ઉપયોગને બદલે બાઈક સાથે ટ્રોલીનું જોડાણ કરી ખેતીમાં ટ્રોલીમાં લીલો ઘાસચારો તથા ડેરીમાં દૂધ ભરવા માટે તથા અન્ય ખેતીકામમાં હેરાફેરી કરવા માટે બાઈકની સાથે બે પૈડાની લોખંડની ટ્રોલી દ્વારા સરળતાથી ખેતીકામ કરતા નજરે પડે છે. આમ છાલા તથા ચિલોડા પંથકમાં સ્કૂટર તથા બાઈકને જોડેલી ટ્રોલીના કામથી ખેડૂતો રાહતની લાગણી પ્રવર્તી રહી છે. આમ મોંઘુદાટ ટ્રેક્ટર-ટ્રોલીને બદલે આર્થિક ભારણ ન પડે તેવો બાઈક ટ્રોલીનો ઉપયોગ વધુ ફાયદારૂપ બન્યો હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. (નટુભાઈ પટેલ, ચિલોડા)

પ્રદેશ ભાજપ ચૂંટણી વ્યવસ્થા કમિટીની આજે મહત્વની બેઠક

ગાંધીનગર, તા.૧૪

પ્રદેશ ભાજપ ચૂંટણી વ્યવસ્થા સમિતિની આવતીકાલે મળનારી બેઠકમાં આગામી ચૂંટણી સંદર્ભે તમામ વ્યવસ્થા ગોઠવવા અંગેના કાર્યક્રમો ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ લોકસભા ચુંટણીની કામગીરી માટેનું વ્યવસ્થા તંત્ર ગોઠવવા માટે પ્રદેશ ભાજપ દ્વારા પુરૂષોત્તમ રૂપાલાના અધ્યક્ષ સ્થાને એક ચૂંટણી વ્યવસ્થા કમિટીની રચના કરવામાં આવી છે. આ ચૂંટણીમાં જુદી જુદી કામગીરીઓની વહેંચણી કરવામાં આવેલી છે.

આવતીકાલે પુરૂષોત્તમ રૂપાલાની અધ્યક્ષતામાં અને પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુની ઉપસ્થિતિમાં ચૂંટણી સમિતિની એક મહત્વની બેઠક મળનારી છે. આ બેઠકમાં ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે આવનારા રાષ્ટ્રીય નેતાઓ માટે કઈ કઈ લોકસભા બેઠકો પર કયા સ્થાને ચૂંટણી સભાઓ રાખવી આ નેતાઓના પ્રવાસ માટેની વ્યવસ્થા તંત્ર ગોઠવવા સહીતની કામગીરીનું આયોજન અને કાર્યક્રમો ચર્ચા વિચારણા કરીને ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાષ્ટ્રીય નેતાઓ અને સ્ટાર પ્રચારકોના આવવા જવા માટે વિમાન મુસાફરી માટેની ટીકીટોની વ્યવસ્થા સહીતની કામગીરી પણ સંબંધીતોને સુપરત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત લોકસભા ચૂંટણીને લગતી તમામ પ્રકારની કામગીરી માટે ચૂંટણી વ્યવસ્થા તંત્ર ગોઠવવા માટેનું આયોજન આ બેઠકમાં ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

વાર્ષિક પરીક્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં એક તરફ તંત્ર ચૂંટણીની તૈયારીમાં વ્યસ્ત બન્યું છે તો શિક્ષણ તંત્ર પરીક્ષાઓની તૈયારીમાં પડ્યું છે. શિક્ષણતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શાળાઓની પરીક્ષાઓ ૧૫ થી ૨૦ એપ્રિલ સુધીમાં સંપન્ન થઈ જાય તે રીતે આયોજનો આખરી કરી દેવા માટે જણાવી દેવામાં આવ્યું છે.

જિલ્લામાં હાલ બોર્ડની જાહેર પરીક્ષાઓ ચાલી રહી છે. આમ આગામી એક મહિના સુધી પરીક્ષાનો માહોલ છવાયેલો રહેશે.

આવકની કબૂલાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા ગઈકાલ બપોરે બે બિલ્ડરોને ત્યાં હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનની કામગીરી આજે બીજે દિવસે પણ ચાલુ રહેતાં આ ઓપરેશન ટોક ઓફ ધી ટાઉન બન્યું હતું.

તંત્રએ ગઈકાલના સર્ચ ઓપરેશન બાદ મળેલા કેટલાક વાંધાજનક દસ્તાવેજોને લઈ પૂછપરછ સઘન કરી હતી. આ દસ્તાવેજોની ચકાસણી પણ હાથ ધરવામાં આવી છે.

ન્યુ ગાંધીનગર વિસ્તાર એ નગરમાં ઝડપથી વિકાસ પામી રહેલો વિસ્તાર છે. ઈન્કમટેક્ષ વિભાગ પણ આ સર્ચ ઓપરેશન વિશે હાલ તો મૌન છે જો કે તંત્ર દ્વારા એવુ કહેવામાં આવી રહ્યું છે કે હાલ આ સર્ચ ઓપરેશન ચાલુ છે અને કદાચ આજે મોડી રાત્રે તે સંપન્ન થઈ શકે તેવી સંભાવનાઓ છે.

પાવતીનો આધાર ચાલશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બિલની પાવતીના આધારે પણ વેરો સ્વીકારવામાં આવશે. જેથી કોઈ પણ ગ્રાહકને પાણી-ગટરના વેરા અંગેનું બિલ ન મળ્યું હોય તો તેમણે અગાઉ વેરો ચુકવ્યાની પાવતી રજૂ કરવા અથવા પાટનગર યોજના વિભાગની કચેરીમાં સંપર્ક કરી વેરો ભરપાઈ કરવા જણાવ્યું છે. પાણી ગટર વેરાની વસુલાત સંદર્ભે જૂના બાકી માંગણાની રીકવરી કરવા પણ તંત્રએ કવાયત હાથ ધરી છે. વસુલાત ઝુંબેશના અંતે વેરો નહીં ચુકવનારને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવશે.